SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 74. ઉત્તર ગુજરાતની ભવાઈકલા

સોલંકી ઉર્વિશકુમાર ભાનુપ્રસાદ

ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. આ ભારત દેશની પ્રજા પાસે પોતાનું કહી શકાય એવું ઘણું તળપદુ સાહિત્ય, કલાઓ (શિલ્પ-સ્થાપત્ય, લોકનૃત્ય, લોકસંગીત, લોકનાટ્ય) વગેરે છે. લોકનાટ્યએ લોકસાહિત્યનો પ્રકાર છે. ભવાઈ લોકનાટકનો ગુજરાતી પ્રકાર છે. લોકનાટ્ય માટે બંગાળમાં જાત્રા, ઉત્તરપ્રદેશમાં નવટંકી કે રામલીલા, મહારાષ્ટ્રમાં લાવણી અને તમાશા, કન્નડ/આંધ્રમાં યક્ષગાન, તમિલનાડુમાં ઘરકોથ્યું, તાંજોરમાં ભાગવતમેલા, હરિયાણા-પંજાબમાં સ્વાંગ પ્રચલિત છે તેવી જ રીતે ગુજરાતમાં પણ ભવાઈની આગવી પ્રણાલી છે. આ ભવાઈના મૂળ ઉત્તર ગુજરાતમાં છે જેના અનુસંધાને ઉત્તર ગુજરાતને ભવાઈનું ઘર કહેવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસ લેખમાં 'ઉત્તર ગુજરાતની ભવાઈ કલા' અંતર્ગત આપણે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

- ભવાઈ શબ્દનો અર્થ ઉત્પત્તિકથા ,

ભવાઈ શબ્દની ઉત્પત્તિ સંસ્કૃત શબ્દ 'ભવ' પરથી થઈ એવું માનવામાં આવે છે. જેનો અર્થ 'અભિવ્યક્તિ' અથવા 'લાગણી' થાય છે. તે હિંદુ દેવી અંબા સાથે પણ સંકળાયેલો છે. 'ભવ' એટલે 'બ્રહ્માંડ' અને 'આય' એટલે 'માતા' તેથી તે બ્રહ્માંડની માતા અંબા દેવી શક્તિને સમર્પિત એક કળા સ્વરૂપ પણ ગણવામાં આવે છે. જયમલ્લ પરમાર તેમના પુસ્તક 'આપણું લોકનાટ્ય ભવાઈ'માં ભવાઈના અર્થ દર્શાવતા નોંધ્યું છે કે, " સૂર અને અસુર વચ્ચે નાટ્યકલા અંગે ઝઘડો થયો. એમાં શિવે વિરૂપાક્ષરૂપે અસુરનો વધ કરેલો. શિવે વિરૂપાક્ષનો વેશ લીધો તે ઉપરથી તે 'ભવ' હતા ને 'ભાવ' થયા. શિવે લીધેલા વેશના કારણે તેઓ નટરાજ કહેવાય છે. નાટકના સુત્રોનું સંચાલન કરનાર તે સૂત્રધાર. એટલા માટે 'ભાવ' અને 'નૃત્ત' ઉપરથી નટ કહેવાયો".

મહિપતરામ નીલકંઠે ઇ.સ.૧૮૬૬માં આપેલ પુસ્તક 'ભવાઇસંગ્રહ'મા જણાવે છે કે,"ભવાઈ શબ્દ સંસ્કૃત મુળ ઉપરથી નીકળ્યો છે તથાપિ તે ભાષામાં એવા ખેલને ભવાઇ કહેતા નથી પણ નાટક કહે છે જેમા પુરુષને નટ અને સ્ત્રીને નટી કહે છે. ભારતખંડની બીજી કોઇ બોલીમાં ભવાઈ ખેલ જણાતો નથી, ફક્ત ગુજરાતીમાં જ છે. ભવ એ શિવનું નામ છે. કેટલાક ધારે છે એ પરથી 'ભવાઈ' શબ્દ ઉત્પન્ન થયો હશે. તેનો અર્થ શિવની રમત કહીએ તો ચાલે". જાણીતા સંશોધક ડો. અમૃત પટેલે 'રાજમાતા મહારાણી મીનળદેવી','સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનું માદરેવતન', 'વેદકાળથી મા ઉમિયાનીપૂજા અને કડવાપાટીદારો' વગેરે પુસ્તકોમાં અસાઈત ઠાકર અને ભવાઈના ઈતિહાસની રસપ્રદ માહિતી મળે છે.

ભવાઈની ઉત્પત્તિ વિશેના ઈતિહાસ વિશે જોઈએ તો, ૧૪મી સદીમાં અસાઈત ઠાકર દ્વારા ભવાઈની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે. તેથી ભવાઈ નાટ્ય સ્વરૂપના આદ્ય અસાઈત ઠાકરને માનવામાં આવે છે.

૧૪મી સદીમાં, ઊંઝાના વડા હેમાળા પટેલની પુત્રી ગંગાનું મુસ્લિમ સુબેદાર દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. આ હેમાળા પટેલના પારિવારિક પૂજારી (બ્રાહ્મણ) અસાઈત ઠાકર હતા. ગંગાને તેમની પુત્રી હોવાનો દાવો કરીને સુબેદાર પાસે ગયા. સાબિત કરવા માટે સુબેદારે તેમને ગંગા સાથે જમવાનું કહ્યું. કારણ કે તે સમય દરમિયાન, બ્રાહ્મણો નીચલી જાતિ સાથે જમતા ન હતા. ગંગાને બચાવવા માટે તેની સાથે જમ્યા, પરંતુ પાછા ફર્યા પછી અસાઈતને બ્રાહ્મણો દ્વારા બહિષ્કૃત કરવામાં આવ્યા. ત્યારબાદ તેમણે આજીવિકા મેળવવા માટે નાટકો રચવાનું અને કરવાનું શરૂ કર્યું. જે ચોક્કસ નાટકીય સ્વરૂપ ભવાઈમાં પરિણમ્યું. અસાઈત ઠાકર પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરતા હેમાળા પટેલે અસાઈત ઠાકરને ત્રણ ઘર આપ્યા. આ ત્રણ ઘર પરથી તરગાળા શબ્દ આવ્યો છે. અસાઈત ઠાકરે ભવાઈના ૩૬૦ વેશોની રચના કરી એવી લોકવાયકા છે. અસાઈતે રચેલા વેશોમાં કજોડાનો વેશ કાનગોપીનો વેશ, ઝંડાઝૂલણનો વેશ, જસમા-ઓડણનો વેશ, મિયા-બીબી, મણિયાર, પતઈરાવળ, સઘરાજેસંગનોવેશ વગેરે જેવા વેશોમાં 'રામદેવનોવેશ' જૂનામાં જુનો છે ઇતિહાસે આ કથાને આ પ્રમાણે સંગ્રહી છે.

"ઠાકર શાખે યજુર્વેદી ઔદિચ્ય સિદ્ધપુર-નગર-નિવાસ
બ્રાહ્મણ ભારદ્વાજી ગોત્રના અસાઇતભુમા પ્રખ્યાત
ઉંઝા ગામે પટેલ હેમાળાની પુત્રી ગંગા ગુણવંત,

શિયળ રક્ષવા શાહ-સભામા ભેળા જમીને રાખ્યો રંગ
જમતા એ ઠાકરથી ઉપજી નાયક-તરગાળાની જ્ઞાત,
ત્રણસો-સાઠ ભવાઇવેશો રચી આરાધ્યા અમ્બામાત.”

ભવાઈનો મુખ્ય ઉદ્દેશ મનોરંજન સાથે સમાજોમાં ચાલતા કુ-રિવાજો, પરંપરાઓ, અંધ શ્રદ્ધાઓ, જાતિગત અસમાનતા વગેરે જેવી રૂઢિઓ સામે જાગૃતિ ફેલાવવાનો તેમજ વીરો, રાજાઓ-ના બલિદાનના ગુણગાનને લોકો સુધી પહોંચાડવાનો હતો. એજ નેમ સાથે હજુ પણ સંગીત નાટ્ય અકાદમીના અનુદાન દ્વારા ચાલતા કેટલાય તુરી-બારોટ દ્વારા સંચાલિત કલા મંડળો ગામડે ગામડે ભવાઈના પ્રોગ્રામ કરે છે. અત્યારે પણ ‘બેટી બચાવો, બેટી ભણાવો’, ‘નશામુક્તિ અભિયાન’, વેગેરે જેવા ઉદ્દેશો સાથે ગામડાઓમાં ભવાઈ દ્વારા જાગૃતિ ફેલાવવાનું કામ કાર્યરત છે.

ઉત્તર ગુજરાતમાં તુરી-બારોટ, નાયક, મીર વગેરે સમુદાયો ભવાઈ સાથે સંકળાયેલા છે. ભવાઈ કલાકારોના સંઘને ટોળું કહેવામાં આવે છે. આ ટોળાનો નેતાને નાયક કહેવામાં આવે છે. ભવાઈ ગામ કે ચાચર ચોકમાં ચો-કોર આગના કાકડા બાંધી નાનું સ્ટેજ બનાવવામાં આવતું. સ્ટેજ સામે પ્રેક્ષકો માટે જગ્યા હોય. ભવાઈની શરૂઆત ગણપતિ કે દેવીની આરાધનાથી શરુ થતી. એકાદ બે હળવા વેશ રજૂ કર્યા પછી કસદાર વેશ રજૂ કરવામાં આવતા. ભવાઈના વાજિંત્રોમાં ભૂંગળ, નરઘાં (તબલા), હાર્મોનિયમ, ઢોલક, મંજીરા, સારંગી જેવા વાદ્યો પ્રયોગમાં લેવામાં આવતા હતા.

ભવાઈમા બધા જ પાત્રો પુરુષો દ્વારા જ ભજવવામા આવે છે. સ્ત્રી પાત્રો પણ, ભવાઈમાં પરંપરાગત પોશાકો, ભાતીગળ ભાષાશૈલી અને સ્થાનિક કથાવસ્તુ પર ધ્યાન આપવામાં આવે છે. ભવાઈનું પેડુ હોય. એમાં નવનો સમુહ હોયઃ વેશ શીખવનાર વેશગોર, મૂછબંધ(પુરુષ)નો પાઠ કરનાર-મુખ્ય નાયક-ઉપનાયક-પ્રતિનાયક એમ કૂલ ત્રણ, કાંચળિયા(સ્ત્રી)નો પાઠ કરનાર મુખ્ય નાયિકા-ઉપનાયિકા એમ કુલ ત્રણ, એક ડાગલો, (વિદુષક, ભાથી,મશ્કરો), બે ભૂંગળિયા,એક પખવાજી(તબલચી),વેશભજવણી માટેની વસ્તુઓ હાજર રાખનાર એક પડપડિયો(કામગરો).

ઉત્તર ગુજરાતની ભવાઈમાં મહત્વનું ફાળો આપનાર ઉત્તર ગુજરાતના વતની અમૃત નાયક, પ્રાણસુખનાયક, જયશંકર સુંદરી, બાપુલાલ નાયક વગેરે ઉપરાંત નામી અનામી રહેનાર અન્ય કલાકારોએ ભવાઇનાવેશ ભજવવામાં સીમાચહ્નો સ્થાપીને ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં પોતાના નામો સુવર્ણ અક્ષ્રરે અંકાવી દીધા છે. ભવાઇકલા જ્યારે મ્રુતઃપાય અવસ્થામાં અંતિમ શ્વાસ લઇ રહી હતી ત્યારે ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના માધ્યમે તેને સંરક્ષણ પ્રાપ્ત થયું છે. આજે પણ તુરી-બારોટ સમુદાયના લોકો ગામડે ગામડે ભવાઈના વેશો રજૂ કરીને સમાજમાં જાગૃતિ ફેલાવવાનું કાર્યરત છે. આપણે ભવાઈની કેટલીક વિશેષતાઓ જોઈએ. ભવાઈની વિશેષતાઓ

1. નૃત્ય અને નાટકઃ ભવાઈ નૃત્ય એ નાટકીય સ્વરૂપ છે, જેમાં કલાકારો નૃત્ય દ્વારા વાર્તા રજૂ કરે છે. તેમાં સંગીત, નૃત્ય અને સંવાદનો સમાવેશ થાય છે.

2. કોસ્ચ્યુમઃ ભવાઈ પ્રદર્શન દરમિયાન, કલાકારો પરંપરાગત પોશાક પહેરે છે, જેમાં રંગબેરંગી કપડાં, ઝવેરાત અને ખાસ મેક-અપનો સમાવેશ થાય છે. વેશભૂષાનો શણગાર ભવાઈની સુંદરતામાં વધારો કરે છે.

3. સામાજિક મુદ્દાઓઃ ભવાઈ નૃત્ય માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે સામાજિક સમસ્યાઓ અને સાંસ્કૃતિક મુદ્દાઓ પર પણ પ્રકાશ ફેંકે છે. તેમાં શિક્ષણ, સમૃદ્ધિ, સામાજિક ન્યાય જેવા વિષયોની પણ ચર્ચા કરવામાં આવી છે.

4. સંગીતઃ ભવાઈમાં લોક સંગીતનો ઉપયોગ થાય છે, જેમાં હાર્મોનિયમ, ઢોલ, બીન જેવા ધ્વનિ વાદ્યોનો ઉપયોગ થાય છે. સંગીત ભવાઈના અભિનયને જીવંત બનાવવામાં મદદ કરે છે.

5. પરંપરાઃ આ કળા પેઢી દર પેઢી પસાર થાય છે અને સ્થાનિક તહેવારો, મેળાઓ અને ખાસ પ્રસંગોએ કરવામાં આવે છે.

- ઉપસંહાર

ભવાઈ કલા એ ઉત્તર ગુજરાતની સંસ્કૃતિનો એક મહત્વનો ભાગ છે અને તેની વિશેષતાઓ તેને અન્ય સાંસ્કૃતિક પ્રદર્શન કરતા અલગ બનાવે છે. આ કળાને સાચવીને નવી પેઢી સુધી પહોંચાડવી જરૂરી છે, જેથી તે ટકી શકે. ભવાઇનું વાચિક ગેય પદ્યમાં તેમજ ગદ્યમાં પણ હોય છે. ત્યારે ભવાઇએ લોકજીવનના તાણા-વાણા સાથે વણાઇ ગઈ હતી અને પોતાની અનોખી છાપ સાથે મુક્તપણે વિહરતી હતી અને જેને શાસ્ત્રકારો એ ‘ભાવપ્રધાન નાટ્કો’ કહ્યા છે. ૭૦૦ વર્ષ જૂની આ પરંપરા હાલમા જેની પરિસ્થિતિ એવી થઇ છે કે જે વિસરાઇ રહી છે જેને ઉજાગર કરવાની તાતી જરૂરીયાત છે.

સંદર્ભ ગ્રંથ ૧ આપણું લોકનાટ્ય ભવાઈ જયમલ્લ પરમાર, ૨ આધુનિક ગુજરાતી નાટકમાં ભવાઈ એક પ્રયુક્તિ તરીકે